અપીલ અરજી નં.૨૩૮ તા.૧૯–૧૧–૦૮

અરજદારઃ શ્રીમતી લક્ષ્મીબેન રામજીભાઈ પટેલ

સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રીમતી લક્ષ્મીબેન રામજીભાઈ પટેલની તા.૨૯–૯–૦૮ની અરજીથી મોજે નવાગામ અશ્વનીકુમાર ટીપી ૪ ફા.પ્લોટ નં.૧૭૪ બી માં આવેલ હંસ સોસાયટીમાં બંગલા નં.૧૧ અને એસ એમ.સીના રીઝર્વેશન પ્લોટ વચ્ચે સોસા. નો આંતરીક રોડ છે તેની બરોબર વચ્ચે એટલે કે બંગલા નં.૧૧ ના ઈશાન ખૂણેથી લાગીને એસ એમ.સી. ના રીઝર્વેશન પ્લોટમાં જે શીતળાનું મંદિર બાંધેલ છે ત્યાં સુધી સોસા.નો આંતરીક રોડ બંધ કરેલ છે તે અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૮/૨૦૦૮–૦૯

## આમુખઃ–

શ્રીમતી લક્ષ્મીબેન રામજીભાઈ પટેલની તા.૨૯–૯–૦૮ની અરજીથી મોજે નવાગામ અશ્વનીકુમાર ટીપી ૪ ફા. પ્લોટ નં.૧૭૪ બી માં આવેલ હંસ સોસાયટીમાં બંગલા નં.૧૧ અને એસ એમ.સીના રીઝર્વેશન પ્લોટ વચ્ચે સોસા. નો આંતરીક રોડ છે તેની બરોબર વચ્ચે એટલે કે બંગલા નં.૧૧ ના ઈશાન ખૂણેથી લાગીને એસ એમ.સી. ના રીઝર્વેશન પ્લોટમાં જે શીતળાનું મંદિર બાંધેલ છે ત્યાં સુધી સોસા.નો આંતરીક રોડ બંધ કરેલ છે તે અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૮૬૦ તા.૨૦–૧૦–૦૮ થી આપેલ જવાબથી અસંતોષ હોવાનું જણાવી તેવા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૮ તા.૨૧–૧૧–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૬૦ તા.૧૭–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૨૯–૯–૦૮ ની મોજે નવાગામ અશ્વનીકુમાર ટીપી ૪ ફા.પ્લોટ નં.૧૭૪ બી માં આવેલ હંસ સોસાયટીમાં બંગલા નં.૧૧ અને એસ એમ.સીના રીઝર્વેશન પ્લોટ વચ્ચે સોસા. નો આંતરીક રોડ છે તેની બરોબર વચ્ચે એટલે કે બંગલા નં.૧૧ ના ઈશાન ખૂણેથી લાગીને એસ એમ.સી. ના રીઝર્વેશન પ્લોટમાં જે શીતળાનું મંદિર બાંધેલ છે ત્યાં સુધી સોસા.નો આંતરીક રોડ બંધ કરેલ છે તે સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી લેવામાં આવેલ છે? મંજુરી લીધા વગર રસ્તાની દિવાલ બનાવી બંધ કરેલ હોય તો દુર ન થઈ શકે? આંતરીક રસ્તા ઉપર દિવાલ બનાવી સોસા. નો આંતરીક રસ્તો બંધ કરવાની પરમીશન આપી શકાય સદર પ્રશ્નોની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં કોઈ માહિતી ઉપલબ્ધ નથી. "સામાન્ય સંજોગોમાં પૂર્વ મંજુરી લઈ બાંધકામ કરવાનું હોય છે તથા છેલ્લા પ્રશ્નમાં માહિતી સ્વરૂપમાં ન હોઈ કોઈ વિગત આપ્યેથી તે મુજબની માહિતી આપી શકાય" તેવી માહિતી અરજદારને પાઠવેલ છે. માહિતી કે દફતર નહીં હોવા અંગે દફતર વર્ગીકરણ કે નિકાલની કોઈ વિગતો જણાવેલ નથી. અરજદારે અપીલ અરજીમાં ખોટા જવાબ આપવામાં આવે છે તેવી રજુઆત કરેલ છે. તથા કાયદેસરના દસતાવેજી જાળવી રાખવાની જવાબદારી જેની હોય તેને આદેશ આપવા તેમજ મુદ્દા નં.૨ અને ૩ અંગે ડીસીઆરની જોગવાઈનો હવાલો આપી તેના પરિપેક્ષ્યમાં માહિતીનો આગ્રહ રાખેલ છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૯–૯–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા નં.૨ તથા ૩ ની માંગેલ માહિતી જે આરટીઆઈ એકટની કલમ–૪ હેઠળના સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી હેઠળ તથા નાગરિક અધિકારપત્રના ભાગ સ્વરૂપે પણ પ્રસિધ્ધ કરવા જોગ પ્રકારની હોઈ અમલી નિતિ નિયમો અને જોગવાઈના પરિપેક્ષ્યમાં દફતરી હકીકતલક્ષી માહિતી વિના મૂલ્યે કલમ–૭ (૬) હેઠળ દિન–૭ માં પૂરી પાડવા તથા મુદ્દા નં.૧ અંગે લાગત ફાઈલનું ઈન્સ્પેકશન દિન–૭ માં પૂરી પાડી અરજદાર માંગે તે નકલો કાયદા અને નિયમની જોગવાઈ કલમ–૭ (૩) સાથે નિયમ–૫ (બી) ને અનુસરી પૂરી પાડવા તથા થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/<br>
તારીખ : –૧૨ –૦૮.

**ડે.કમિશનર(જનરલ),**<br>
**અને એપેલેટ ઓફિસર**<br>
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછા ઝોન ..... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રીમતી લક્ષ્મીબેન રામજીભાઈ પટેલ